પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૧૪ | ૧૩ ઓક્ટોબર, ૨૦૧૭, શુક્રવાર ; આસો વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### કેજરીવાલની કાર ચોરાઈ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની વેગનઆર કાર દિલ્હી સચિવાલય પાસેથી ચોરાઈ છે. પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

### વડાપ્રધાન મોદી ૧૮મીએ ભાવનગરની મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી ૧૬ અને ૧૭ઓક્ટોબરના રોજ ફરી ગુજરાત આવી રહ્યા છે. તેઓ ૧૬મી ઓક્ટોબરે ગાંધીનગરમાં ભાજપની રેલી સંબોધશે. તો ૧૭મી ઓક્ટોબરના રોજ ભાવનગરની મુલાકાત લેશે.

### ગોરખપુરમાં ચાર દિવસમાં ૬૯ બાળકના મોત

ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં બીઆરડી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં બાળકોના મોતના બે મહિના બાદ જ છેલ્લા ચાર દિવસમાં હોસ્પિટલામાં ૬૯ બાળકોના મોત થતા ખળભળાટ મચી ગયો છે. ઉત્તરપ્રદેશ સરકાર પર ફરી એકવાર પ્રશ્ન ઉઠી રહ્યા છે. સાથે સાથે બીઆરડી કોલેજ ફરી વિવાદના ઘેરામાં છે. દરરોજ મોટી સંખ્યામાં મોત કેમ થઈ રહ્યા છે તે સંબંધમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સાતમી ઓક્ટોબરના દિવસે ૧૨ બાળકોના મોત થયા હતા. આઠમી ઓક્ટોબરના દિવસે ૨૦ બાળકોના મોત થયા હતા.

# હિમાચલમાં ૯મી નવેમ્બરે મતદાન

## ૧૮ ડિસેમ્બરે મતગણતરી : તમામ પોલિંગ સ્ટેશનો પર વીવીપેટનો ઉપયોગ કરાશે : આચારસંહિતા અમલી



નવી દિલ્હી,તા. ૧૨

ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની આજે જાહેરાત કરી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. હિમાચલ પ્રદેશમાં એક જ તબક્કામાં નવમી નવેમ્બરના દિવસે મતદાન થશે અને ૧૮મી ડિસેમ્બરના દિવસે મતોની ગણતરી થશે. આ વખતે રાજ્યમાં પણ આમા મતદાન મથકો ઉપર વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે. દેશમાં હિમાચલ પ્રદેશ એવું પ્રથમ રાજ્ય બનશે જ્યાં તમામ મતદાન મથકો પર વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રાયલનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણીની જાહેરાતની સાથે હિમાચલ પ્રદેશમાં આચારસંહિતા અમલી બની ગઈ છે. ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે આજે તારીખોની જાહેરાત કરી ન હતી જેની ચર્ચા રહી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર અચલકુમાર જ્યોતિએ હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# રિટેલ ફુગાવો ૩.૨૮ ટકાની સપાટીએ રહેતા મોટી રાહત

### ઓગસ્ટ આઈઆઈપી ૯ મહિનાની ઉંચી સપાટીએ : શેરબજારમાં કારોબાર પરિપૂર્ણ થયા બાદ આંકડાઓ જારી ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન નેગેટિવ ઝોનમાં નહીં રહેતા રાહત

નવીદિલ્હી, તા.૧૨

શેરબજારમાં કારોબારના અંતે ઓગસ્ટ આઈઆઈપી અને રિટેલ ફુગાવાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. જુલાઈ આઈઆઈપી અને જુલાઈ સીપીઆઈમાં ક્રમશઃ ૦.૯ ટકા અને ૩.૨૮ ટકાનો સુધારો નોંધાયો છે. વાર્ષિક કન્ઝ્યુમર ઈન્ફ્લેશનનો આંકડો એક વર્ષ અગાઉની સરખામણીમાં સુધરી ગયો છે. સરકારી ડેટામાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. દેશમાં ઈન્ડસ્ટ્રીય પ્રોડક્શનનો આંકડો ઓગસ્ટ મહિનામાં ૪.૩ ટકા સુધી પહોંચી ગયો છે જે નવ મહિનાની ઉંચી સપાટી છે.

જીએસટી વ્યવસ્થા પહેલી જુલાઈના દિવસે અમલી કરવામાં આવી હતી. જુલાઈ આઈઆઈપી અને ઓગસ્ટ સીપીઆઈના આંકડામાં નોંધપાત્ર સુધારો નોંધાઈ ગયો છે જેથી સરકારને પણ રાહત થઈ છે. જૂન મહિનામાં ૪૮ મહિનાની નીચી સપાટી જોવા મળ્યા બાદ દેશમાં ઈન્ડસ્ટ્રીય આઉટપુટનો આંકડો ૦.૯ ટકા સુધી વધીને જુલાઈ મહિનામાં સુધર્યો હતો. આજે સરકાર દ્વારા આંકડો જારી કરવામાં આવ્યો હતો. જે દર્શાવે છે કે, ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઈઆઈપી) માટેના આંકડા જે જીએસટી બાદ જારી કરવામાં આવ્યા છે તેના કારણે ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો નેગેટીવ ઝોનમાં ગયો નથી. કેટલાક નિષ્ણાતો દ્વારા આંકડો નેગેટીવ ઝોનમાં જવાની વાત કરી હતી. ઓગસ્ટ મહિનામાં મેન્યુફેક્ચરિંગમાં વધારો થયો છે. માઈનિંગ અને ઈલેક્ટ્રીસિટીમાં ગ્રોથના લીધે રિકવરી પરત ફરી છે. આગામી દિવસોમાં સરકાર આને લઈને વધુ ઝડપ સાથે આગળ વધી શકે છે.

# આરુષિ-હેમરાજ હત્યા કેસમાં તલવાર દંપત્તિ નિર્દોષ

### અલ્હાબાદ હાઈકોર્ટે પુરાવાના અભાવમાં નિર્દોષ જાહેર કર્યા : સમગ્ર દેશને હચમચાવી મુકનાર હત્યા કેસના મામલામાં તપાસમાં ખામીઓ હોવાની પણ કબૂલાત : ગાઝિયાબાદની સીબીઆઈ કોર્ટના ચુકાદાને બદલ્યો

નોઈડા,તા. ૧૨

સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર આરુષિ-હેમરાજ હત્યાકાંડમાં આજે અલ્હાબાદ હાઈકોર્ટે રાજેશ અને નુપુર તલવારને મોટી રાહત આપી દીધી હતી. મામલાની તપાસમાં અનેક ખામીઓનો ઉલ્લેખ કરીને કોર્ટે તલવાર દંપત્તિને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો. પુરાવાના અભાવે તલવાર દંપત્તિને નિર્દોષ છોડવામાં આવી ગયા છે. આવતીકાલે કોર્ટમાંથી તેમની મુક્તિ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. હાઈકોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આરુષિની હત્યા તેના માતા-પિતા દ્વારા કરવામાં આવી ન હતી. કોર્ટે કહ્યું હતું કે, આવા મામલામાં સુપ્રીમ કોર્ટ પણ આટલી કઠોર સજા આપતી નથી. એમ માનવામાં આવે છે કે, હાઈકોર્ટે તલવાર દંપત્તિ તાત્કાલિકરીતે છોડી મુકવાનો આદેશ કરવામાં આવ્યા બાદ આવતીકાલે તેમને છોડી મુકવામાં આવશે. જસ્ટિસ એકે મિશ્રાએ ચુકાદો વાંચીને સંભળાવ્યો હતો. વકીલોનું કહેવું છે કે, રાજેશ અને નુપુર હવે આવતીકાલે જેલમાંથી છુટી જશે. આ મામલામાં આજે બપોરે ૨.૫૦ વાગ્યાની આસપાસ બંને જજ દ્વારા ચુકાદા ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તલવાર દંપત્તિએ

● અનુસંધાન પાન-૭ પર








# રિયલ એસ્ટેટને જીએસટીની હદમાં લાવી શકાય : જેટલી






નવીદિલ્હી, તા.૧૨

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, રિટલ અસ્ટેટને પણ જીએસટીની હદમાં લાવવાની હિલચાલ ચાલી રહી છે. આને જીએસટીની હદમાં લાવવાના મુદ્દે જીએસટી કાઉન્સિલમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. જેટલીના આ સંકેતને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. હારવર્ડ યુનિવર્સિટીમાં લેક્ચર આપતા જેટલીએ કહ્યું હતું કે, આ મામલામાં ગુવાહાટીમાં ૯મી નવેમ્બરના દિવસે યોજાનારી જીએસટીની આગામી બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, રિયલ એસ્ટેટમાં સૌથી વધારે ટેક્સ ચોરી

**નવમી નવેમ્બરની બેઠકમાં ચર્ચા વિચારણા થશે : દેશમાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં સૌથી વધારે ટેક્સ ચોરી અને રોકડ કારોબાર છે**

● અનુસંધાન પાન-૭ પર











